નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા
જનસત્તા

શહેરોનું તાપમાન

| | | | |
|---|---|---|---|
| 31° | 32° | 32.6° | 34° |
| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |

હવામાન વિભાગ

સુરત શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાનનો પારો ૩૨.૬ ડિગ્રીએ રહ્યો હતો જ્યારે ન્યુનતમ તાપમાન અઢી ડિગ્રી ઘટીને ૧૯.૪ ડિગ્રી રહ્યું હતું. પવનોની ગતિ પ્રતિ કલાક ૯ કિલોમીટરની રહી હતી.



### સુરતની કંપની સહજાનંદ ટેક્નોલોજીસને આંતર રાષ્ટ્રીય સ્તરે ઇનોવેશન્સ એવોર્ડ મળ્યાં

# હીરા ઘસવામાં મદદરૂપ થાય તેવા રોબોટ અને થ્રીડી પ્રિન્ટર સુરતમાં બન્યાં

**કાચા હીરામાં એક સમયે ૬૦થી ૭૦ ટકા બગાડ નીકળતો હવે રોબોટને કારણે કાચા હીરામાંથી ૬૦થી ૭૦ ટકા રીઅલ ડાયમંડ બની જાય છે**

સુરત, તા.૨૦

ડાયમંડ સિટી, ટેક્ષટાઇલ સિટી, સ્માર્ટ સિટીના બિરુદ હાંસલ કરી ચૂકેલા સુરત શહેરની કંપનીને હવે ઇનોવેશન્સ (ક્રાંતિકારી) શોધ માટે બે પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા છે. સુરતના ડભોલી સ્થિત સહજાનંદ ટેક્નોલોજીસના સાયન્ટીસ્ટને વિશ્વ પ્રસિદ્ધ યુરોપા એવોર્ડ તેમજ કંપનીને સીઆઇઆઇએ ઇન્ડસ્ટ્રીયલ ઇનોવેશન્સમાં ભારતની ટોપ કંપની તરીકેનો એવોર્ડ આપ્યો છે.

સહજાનંદ ટેક્નોલોજીસના ભાર્ગવ કોટડીયા, મુંજાલ ગજ્જર અને રાહુલ ગાયવાલાએ જણાવ્યું હતું કે તેમની કંપનીએ ટેક્નોલોજીની દુનિયામાં કરેલી અવનવી શોધ બદલ એવોર્ડ મળ્યા છે. જેમાં સુરતમાં વિકસેલા ડાયમંડ ઉદ્યોગમાં કે જ્યાં પહેલા એક કાચા હીરામાંથી માંડ ૩૦ ટકા રિયલ હીરો વિકસાવી શકાતો અને બાકીનો બગાડ (મટિરિયલ લોસ) થતો ત્યાં સહજાનંદ ટેક્નોલોજીસએ વિકસાવેલી રોબોટિક સિસ્ટમને કારણે એક કાચા હીરામાંથી ૬૦થી ૭૦ ટકા સુધીના રિયલ ડાયમંડ મેળવી શકાય છે અને બગાડ ફક્ત ૧ ટકા સુધી સિમીત કરી શકાય છે.

તેમણે ગણતરી સાથે જણાવ્યું કે જ્યારે કાચા હીરામાંથી રિયલ ડાયમંડ મેળવવાની પ્રક્રિયા (પ્રોસેસિંગ)માં ૫ ટકા જેટલો બગાડ બચાવી શકાય તેનો મતલબ એ થાય કે દૈનિક ૮,૭૫૦ કેરેટ એટલે કે રૂપિયામાં ગણીએ તો રોજના ૬૬ લાખ રૂપિયાની બચત થઇ છે. કેમકે સહજાનંદ ટેક્નોલોજીસે અત્યાર સુધીમાં આ પ્રકારના ૩૫૦૦ મશીન્સ બજારમાં વેચ્યા છે.

એવી જ રીતે કંપનીએ બીજી શોધ થ્રી ડી પ્રિન્ટરની કરી છે. થ્રીડી પ્રિન્ટર એટલે કે જે ચીજવસ્તુ કમ્પ્યુટરની સ્ક્રીન પર દેખાય છે તેનું ભૌતિક સ્વરૂપ પ્રિન્ટરની મદદથી મેળવવું. થ્રીડી પ્રિન્ટરમાં પહેલી પ્રિન્ટ પ્લાસ્ટીકના મટિરિયલમાંથી ભગવાન ગણેશની મૂર્તિ સૌથી પહેલી પ્રિન્ટ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે થ્રીડી પ્રિન્ટર પ્લાસ્ટીક, મેટલ સહિત અન્ય કોઇપણ મટિરિયલમાંથી આબેહૂબ તેનું ભૌતિક સ્વરૂપ પ્રિન્ટ કરી આપે છે. હાલમાં કંપનીએ પ્લાસ્ટીક મટિરિયલમાંથી ચીજવસ્તુઓનું ભૌતિક પ્રિન્ટીંગ થાય તેવી ટેક્નોલોજી વિકસાવી છે અને ભવિષ્યમાં મેટલમાંથી ભૌતિક વસ્તુઓ પ્રિન્ટ થાય તેવું મશીન વિકસાવવાનો લક્ષ્યાંક ધરાવે છે.









સુરતની કંપની સહજાનંદ ટેક્નોલોજીસને આંતર રાષ્ટ્રીય સ્તરે ઇનોવેશન્સ એવોર્ડ મળ્યાં

સુરતમાં હીરા ઘસવામાં મદદરૂપ થાય તેવા રોબોટ અને થ્રીડી પ્રિન્ટર બન્યાં

કાચા હીરામાં એક સમયે ૬૦થી ૭૦ ટકા બગાડ નીકળતો હવે રોબોટને કારણે કાચા હીરામાંથી ૬૦થી ૭૦ ટકા રીઅલ ડાયમંડ બની જાય છે

સુરત, તા.૨૦

ડાયમંડ સિટી, ટેક્ષટાઇલ સિટી, સ્માર્ટ સિટીના બિરુદ હાંસલ કરી ચૂકેલા સુરત શહેરની કંપનીને હવે ઇનોવેશન્સ (ક્રાંતિકારી) શોધ માટે બે પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા છે. સુરતના ડભોલી સ્થિત સહજાનંદ ટેક્નોલોજીસના સાયન્ટીસ્ટને વિશ્વ પ્રસિદ્ધ યુરોપા એવોર્ડ તેમજ કંપનીને સીઆઇઆઇએ ઇન્ડસ્ટ્રીયલ ઇનોવેશન્સમાં ભારતની ટોપ કંપની તરીકેનો એવોર્ડ આપ્યો છે.

સહજાનંદ ટેક્નોલોજીસના ભાર્ગવ કોટડીયા, મુંજાલ ગજ્જર અને રાહુલ ગાયવાલાએ જણાવ્યું હતું કે તેમની કંપનીએ ટેક્નોલોજીની દુનિયામાં કરેલી અવનવી શોધ બદલ એવોર્ડ મળ્યા છે. જેમાં સુરતમાં વિકસેલા ડાયમંડ ઉદ્યોગમાં કે જ્યાં પહેલા એક કાચા હીરામાંથી માંડ ૩૦ ટકા રિયલ હીરો વિકસાવી શકાતો અને બાકીનો બગાડ (મટિરિયલ લોસ) થતો ત્યાં સહજાનંદ ટેક્નોલોજીસએ વિકસાવેલી રોબોટિક સિસ્ટમને કારણે એક કાચા હીરામાંથી ૬૦થી ૭૦ ટકા સુધીના રિયલ ડાયમંડ મેળવી શકાય છે અને બગાડ ફક્ત ૧ ટકા સુધી સિમીત કરી શકાય છે.

તેમણે ગણતરી સાથે જણાવ્યું કે જ્યારે કાચા હીરામાંથી રિયલ ડાયમંડ મેળવવાની પ્રક્રિયા (પ્રોસેસિંગ)માં ૫ ટકા જેટલો બગાડ બચાવી શકાય તેનો મતલબ એ થાય કે દૈનિક ૮,૭૫૦ કેરેટ એટલે કે રૂપિયામાં ગણીએ તો રોજના ૬૬ લાખ રૂપિયાની બચત થઇ છે. કેમકે સહજાનંદ ટેક્નોલોજીસે અત્યાર સુધીમાં આ પ્રકારના ૩૫૦૦ મશીન્સ બજારમાં વેચ્યા છે.

એવી જ રીતે કંપનીએ બીજી શોધ થ્રી ડી પ્રિન્ટરની કરી છે. થ્રીડી પ્રિન્ટર એટલે કે જે ચીજવસ્તુ કમ્પ્યુટરની સ્ક્રીન પર દેખાય છે તેનું ભૌતિક સ્વરૂપ પ્રિન્ટરની મદદથી મેળવવું. થ્રીડી પ્રિન્ટરમાં પહેલી પ્રિન્ટ પ્લાસ્ટીકના મટિરિયલમાંથી ભગવાન ગણેશની મૂર્તિ સૌથી પહેલી પ્રિન્ટ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે થ્રીડી પ્રિન્ટર પ્લાસ્ટીક, મેટલ સહિત અન્ય કોઇપણ મટિરિયલમાંથી આબેહૂબ તેનું ભૌતિક સ્વરૂપ પ્રિન્ટ કરી આપે છે. હાલમાં કંપનીએ પ્લાસ્ટીક મટિરિયલમાંથી ચીજવસ્તુઓનું ભૌતિક પ્રિન્ટીંગ થાય તેવી ટેક્નોલોજી વિકસાવી છે અને ભવિષ્યમાં મેટલમાંથી ભૌતિક વસ્તુઓ પ્રિન્ટ થાય તેવું મશીન વિકસાવવાનો લક્ષ્યાંક ધરાવે છે.